# ગુજરાત યુનિવર્સિટી

## વર્ષ 2024-25 માટે યુજી પ્રોગ્રામ્સ (બીએ, બી.કોમ, બીબીએ, બીસીએ, બી.એસસી અને ઇન્ટિગ્રેટેડ કોર્સ) માટે ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા

સરકારની વેબસાઇટ GCAS અથવા પ્રવેશ લિંક પર જાઓ:

**https://gcas.gujgov.edu.in/**

**રેજીસ્ટ્રેશન (HSC માર્કશીટ, મોબાઈલ અને ઈમેલ આઈડી મુજબ તમારું નામ, જન્મ તારીખ આપીને)**

*તમારું નામ, જન્મ તારીખ (HSC માર્કશીટ મુજબ), મોબાઇલ અને ઇમેઇલ આઈડી આપો.*

*રેજીસ્ટ્રેશન પછી યુઝર નામ અને પાસવર્ડ તમારાં નોંધાયેલ મોબાઇલ અને ઇમેઇલ પર મળશે. તેને સમગ્ર પ્રવેશ પ્રક્રિયા માટે સંગ્રહિત રાખો.*

પ્રારંભિક રેજીસ્ટ્રેશન પછી પ્રક્રિયા: (તમારા વપરાશકર્તા ID અને પાસવર્ડનો ઉપયોગ કરીને ઉપરની લિંક/વેબસાઇટ દ્વારા ફરીથી લોગ-ઇન કરો) વિદ્યાર્થી વિવિધ યુનિવર્સિટીઓ અને તેના હેઠળની કોલેજોમાં ફોર્મ ભરી શકે છે.

**નીચેના પગલાંઓમાં વિગતો ભરો.**

**(મૂળભૂત વિગતો)**

**વિગતો પૂરી કર્યા પછી સેવ અને આગળના બટન પર ક્લિક કરો.**

**(વ્યક્તિગત વિગતો)**

**વિગતો પૂરી કર્યા પછી સેવ અને આગળના બટન પર ક્લિક કરો.**

**(શૈક્ષણિક વિગતો)**

**(તમારી માર્કશીટ, કેટેગરી પ્રમાણપત્ર વગેરે (દસ્તાવેજો) મુજબ વિગતો ભરો,**

**જો પ્રવેશ સમયે તમારા દાખલ કરેલા ડેટા અને તમારા મૂળ દસ્તાવેજોની ચકાસણીમાં કોઈ વિસંગતતા હશે, તો તે ચોક્કસ રાઉન્ડમાં તમારા પ્રવેશના અધિકારને રદ કરવા માટે જવાબદાર રહેશે.)**

**વિગતો પૂરી કર્યા પછી સેવ અને આગળના બટન પર ક્લિક કરો.**

**(અપલોડ ડોક્યુમેંટ)**

- અરજદાર પાસે 50 K.B (JPG/JPEG ફોર્મેટ) ના મહત્તમ કદ સાથે નવીનતમ ફોટો અને સહી હોવી આવશ્યક છે.
- અરજદાર પાસે મહત્તમ 200 K.B ના નીચેના ડોક્યુમેન્ટહોવા આવશ્યક છે. સંપૂર્ણ અરજી ભરવા માટે.
  - ક્વોલિફાઈંગ પરીક્ષાની તમામ માર્કશીટ (જો અસલ માર્કશીટ ઉપલબ્ધ ન હોય, તો તમે ઓનલાઈન માર્કશીટની નકલ અપલોડ કરી શકો છો)
  - શાળા છોડવાનું પ્રમાણપત્ર (વૈકલ્પિક)
  - જાતિ પ્રમાણપત્ર (જો લાગુ હોય તો)
  - માન્ય સમયગાળાનું નોન-ક્રીમી લેયર પ્રમાણપત્ર (જો લાગુ હોય તો)
  - અલગ રીતે સક્ષમ પ્રમાણપત્ર (જો લાગુ હોય તો)
  - EWS પ્રમાણપત્ર (જો લાગુ હોય તો)

**વિગતો પૂરી કર્યા પછી સેવ અને આગળના બટન પર ક્લિક કરો.**

*(પસંદગી- યુનિવર્સિટી/ પ્રોગ્રામ/ કોલેજ/ માધ્યમ)*

ઉમેદવાર વેબસાઇટ પર આપેલ યાદીમાંથી પસંદગી મુજબ વિવિધ યુનિવર્સિટીઓની કૉલેજની પસંદગી અને દરેક યુનિવર્સિટીમાં અલગ-અલગ કૉલેજની પસંદગી ભરી શકે છે.

**વિગતો પૂરી કર્યા પછી સેવ અને આગળના બટન પર ક્લિક કરો.**

## (લોક)

બધી વિગતો ચકાસ્યા પછી અને જો તમને ખાતરી હોય કે ઓનલાઈન એડમિશન ફોર્મ એન્ટ્રીમાં કોઈ ફેરફારની જરૂર નથી, તો **LOCK** નું બટન દબાવો અને તમારી વિગતો **લોક** કરવા માટે સંમતિ આપો.

***ત્યારબાદ કોલેજોની પસંદગી અને અન્ય વિગતોમાં કોઈ ફેરફાર કરવામાં આવશે નહીં. પેમેન્ટ ગેટવે દ્વારા પ્રવેશ પ્રક્રિયા ફી રૂ. ૩૦૦ ની ઓનલાઈન ચુકવણી કરો.***

(**અરજી ફોર્મ સબમિટ કરો અને** ડાઉનલોડ **કરો**)

ફોર્મ સબમિટ કરતા પહેલા તમે તમારા અરજી ફોર્મમાં ભરેલ વિગતો અને ડેટાની ચકાસણી કરો, ફાળવણી તમે દાખલ કરેલ ડેટા પર થશે. જો તમે ખોટો મેરિટ ડેટા દાખલ કર્યો હોય તો તમારું પ્રવેશ રદ કરવામાં આવશે.

**(રજીસ્ટ્રેશન તારીખ એટલે કે 28/05/2024 ના રોજ અથવા તે પહેલાં તમારી વ્યક્તિગત, શૈક્ષણિક વિગતો અને અન્ય ભૂલ ભરેલી વિગતોમાં સુધારો કરવાનો વિકલ્પ છે)**

**(રજીસ્ટ્રેશન સમયે લૉક કરેલી તમારી પસંદગીઓની પસંદગી ભરવા/પુનઃવ્યવસ્થિત કરો)**

GCAS Portal પર આપવામાં આવેલ લિંક પર તમારા યુઝરનેમ અને પાસવર્ડ સાથે લૉગ-ઇન કરીને વિદ્યાર્થીએ GCAS Portal પર પસંદ કરેલ ગુજરાત યુનિવર્સિટીની કૉલેજ/પ્રોગ્રામ/અભ્યાસક્રમોને પ્રેફરેન્સ આપવાનો રહેશે.

(જેઓ તેમની પસંદગીઓને પ્રેફરેન્સ આપીને ગોઠવતા નથી, તેમની પસંદગીઓને પ્રવેશ ફાળવણી માટે GCAS પોર્ટલ દ્વારા પ્રદાન કરવામાં આવેલ ડેટા અનુસાર પ્રેફેરેન્સ માનવમાં આવશે)

**વિદ્યાર્થીએ પસંદ કરેલ ફેકલ્ટીમાં પ્રવેશ લેવા માંગતો હોય** તે કોલેજનો સબંધિત ઓફર લેટર **(ફક્ત એક) ડાઉનલોડ કરો**

વિદ્યાર્થી પ્રવેશપાત્ર કોર્સ (ફેકલ્ટી/પ્રોગ્રામ)ના પ્રવેશ ઓફર પત્રો જોઈ શકે છે જેમાંથી તે/તેણી માત્ર એક જ પ્રવેશ ઑફર લેટર ડાઉનલોડ કરી શકે છે. અને સબંધિત કોલેજમાં શેડ્યૂલ મુજબ જ તેમના ઓરીજનલ ડોક્યુમેન્ટસાથે જરૂરી ફી લઈ રિપોર્ટિંગ માટે જવું પડશે. જો તે/તેણી સમયરેખામાં આમ કરવામાં નિષ્ફળ જાય, તો તે ચોક્કસ રાઉન્ડમાં પ્રવેશ રદ કરવા માટે જવાબદાર રહેશે.

**વિદ્યાર્થીએ ઓરીજનલ ડોક્યુમેન્ટ સાથે સંબંધિત કોલેજનો રિપોર્ટ કરવાનો રહેશે**

વિદ્યાર્થીએ તેની તમામ અસલ માર્કશીટ, કેટેગરી સર્ટિફિકેટ (જો કોઈ હોય તો) અને અન્ય અસલ ડોક્યુમેન્ટતેમજ ઓફર કરેલ કોલેજના એડમિશન ઑફર લેટર અને વિદ્યાર્થીના રજિસ્ટર્ડ મોબાઈલ સાથે કૉલેજના સમય દરમિયાન કૉલેજનો સંપર્ક કરવાનો રહેશે.

**ગુજરાત રાજ્યની બહાર આવેલી શાળામાંથી આવતા વિદ્યાર્થીઓએ રેજીસ્ટ્રેશન પહેલાં નીચેની લિંક દ્વારા ગુજરાત યુનિવર્સિટીમાંથી પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ (PEC) મેળવવું ફરજિયાત છે:**

**https://fees.gujaratuniversity.ac.in**

**(ડોક્યુમેન્ટ વેરિફિકેશન)**

કોલેજ વિદ્યાર્થીના તમામ અસલ ડોક્યુમેન્ટઅને માર્કશીટની ચકાસણી કરશે. જો તમામ ડોક્યુમેન્ટ અને માર્કશીટ અને ભરેલી વિગતો અને મેરિટ રેન્ક સાથે યોગ્ય જણાય તો પ્રવેશ કન્ફર્મ કરવાનો રહેશે.

**જો વિદ્યાર્થીની અસલ માર્કશીટમાંના માર્કસ એડમિશન ઑફર લેટરના માર્કસથી અલગ હોય અથવા ઉમેદવારના કેટેગરી સર્ટિફિકેટ વિશેની** તથા **અન્ય કોઈ વિસંગતતા હોય, તો તે કૉલેજ ખાતે વિદ્યાર્થીનો પ્રવેશ રદ ગણાશે.**

**(આ વિદ્યાર્થીઓ બીજા રાઉન્ડ પૂર્ણ થયા પછી અથવા જ્યારે પણ GCAS પોર્ટલ જાહેરાત કરે છે ત્યારે મેરિટ-માર્કસ, કેટેગરી વગેરે સુધારી શકે છે)**

**ફી ચૂકવો અને પ્રવેશ** કન્ફર્મ **કરો**

વેરિફિકેશન પછી, કૉલેજ લોગિન દ્વારા વિદ્યાર્થીનું ID દાખલ કરાશે અને પછી GCAS વિદ્યાર્થીના રજિસ્ટર્ડ મોબાઇલ પર OTP મોકલશે, કૉલેજને પ્રવેશ કન્ફર્મ કરવા માટે GCAS પોર્ટલ પર તે OTP દાખલ કરવાનો રહેશે. વિદ્યાર્થીએ કોલેજમાં ફી ચૂકવવાની રહેશે અને પ્રવેશ કન્ફર્મ કરવાનો રહેશે.

(1) વિદ્યાર્થી દ્વારા ઉપરોક્ત પ્રક્રિયા મુજબ પ્રવેશ કન્ફર્મ કર્યા પછી, અન્ય કોલેજો અને યુનિવર્સિટીઓમાં તેના/તેણીના પ્રવેશ અધિકારો આપોઆપ સમાપ્ત થઈ જશે.

(2) જો કોઈ વિદ્યાર્થીને કોઈપણ કૉલેજ/યુનિવર્સિટીમાં પ્રવેશ ફાળવવામાં આવેલ ના હોય તો તે આગામી રાઉન્ડ માટે રાહ જોઈ શકે છે.

(3) જો કોઈ વિદ્યાર્થીને કોઈપણ કૉલેજ/યુનિવર્સિટીમાં પ્રવેશ આપવામાં આવે જેમાં તેણે અરજી કરી હોય, તો વિદ્યાર્થીને આગલા રાઉન્ડમાં અગાઉ ફાળવાયેલ કોલેજમાં પ્રવેશ ફાળવવામાં આવશે નહીં.